# ૮ દિવસથી બસ ડેપોના બાંકડા પર રહેતી ૩૮ વર્ષીય મહિલાનું પરિવાર સાથે મિલન

**181 અભયમની** સતર્કતાથી બસ ડેપો પર ભટકતી મહિલાને પુત્ર અને પતિને બોલાવી સુરક્ષિત શરત રીતે સોંપાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા શહેરના બસ ડેપો પર છેલ્લા આઠ દિવસથી ભટકતી અને ઘરે જવા તૈયાર ન થતી 38 વર્ષીય મહિલાનું 181 અભયમ મહિલા હેલ્પલાઈને પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું હતું. જાગૃત નાગરિકની જાણ બાદ અભયમની ટીમ બાપોદ વિસ્તારમાં પહોંચી હતી.

ટીમે મહિલાનું ધીરજપૂર્વક કાઉન્સેલિંગ કરતાં તેણે નોકરીની શોધમાં હોવાનું જણાવ્યું હતું અને ઘરે જવાનો ઈનકાર કર્યો હતો. મહિલાના સામાનમાંથી આધારકાર્ડ મળી આવતાં તેની ઓળખ અમદાવાદની રહેવાસી તરીકે થઈ હતી. 181ની ટીમે 112 મારફતે અમદાવાદ કંટ્રોલ રૂમ અને કૃષ્ણનગર પોલીસનો સંપર્ક કર્યો હતો. જોકે, મહિલાના ગુમ થયાની કોઈ નોંધ ન હોવાનું જાણવા મળ્યું હતું.

આધારકાર્ડ પરના સરનામે તપાસ કરતાં પરિવાર એક વર્ષ પહેલાં મકાન વેચીને અન્યત્ર રહેવા ગયો હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ પાડોશીઓની મદદથી મહિલાના પતિનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પતિએ જણાવ્યું કે તેમનો પુત્ર બે દિવસથી માતાની શોધખોળ કરી રહ્યો છે. મહિલા આશ્રયસ્થાને રહેવા તૈયાર ન હોવાથી તેને નજીકના પોલીસ સ્ટેશનમાં સુરક્ષિત રાખવામાં આવી હતી. માહિતી મળતાં પુત્ર તાત્કાલિક વડોદરા પહોંચ્યો હતો. માતા-પુત્રનું ભાવુક મિલન થયું હતું. બાદમાં પતિ પણ પહોંચતાં મહિલાને સુરક્ષિત રીતે પરિવારને સોંપવામાં આવી હતી. 181 અભયમની સંવેદનશીલ કામગીરીથી પરિવારનું પુનઃમિલન થયું હતું.

## સયાજી હોસ્પિટલમાં વર્લ્ડ બ્રેસ્ટફીડિંગ વીકની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

સ્તનપાનના મહત્વ અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી બરોડા મેડિકલ કોલેજ અને સયાજી હોસ્પિટલના પીડિયાટ્રિક્સ વિભાગ દ્વારા 1થી 7 ઓગસ્ટ દરમિયાન ‘વર્લ્ડ બ્રેસ્ટફીડિંગ વીક-2026’ની ઉજવણી કરાઈ હતી. સપ્તાહ દરમિયાન માતાઓ, નર્સિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. સ્તનપાનની સાચી પદ્ધતિ, બાળકને યોગ્ય રીતે પકડવાની રીત અને તેના ફાયદા અંગે નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત નાટક, સ્કીટ, ઈન્ટરેક્ટિવ સત્રો, હેલ્થ ટોક, ક્વિઝ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. NICU, NRC વોર્ડ અને WBC ક્લિનિક સહિતના સ્થળોએ કાર્યક્રમો યોજાયા હતા.

## કેલનપુર બસ સ્ટેન્ડ પાસેથી કારમાં દારૂની હેરાફેરી કરતો ઈસમ ઝડપાયો, ૩.૬૨ લાખનો મુદ્દામાલ કબ્જે

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા ઓપરેશન પરાક્રમ અંતર્ગત ગ્રામ્ય એલસીબીએ વરણામા વિસ્તારમાં કારમાં દારૂની હેરાફેરી કરતા એક શખ્સને ઝડપી રૂ.3.62 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

એલસીબીની ટીમ ડભોઈ રોડ પર પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી બાતમીના આધારે કેલનપુર ગામના બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન ડભોઈ તરફથી આવેલી મારૂતી ઓમની કારને રોકી તપાસ કરતાં ચાલક હિરેન જયંતીભાઈ રાજપૂત (રહે. પાણીગેટ, રાણાવાસ હનુમાનજી મંદિર પાસે, વડોદરા) મળી આવ્યો હતો. પોલીસે કારની તલાશી લેતા ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો, ક્વાર્ટર તથા બીયર ટીન મળી કુલ 785 નંગ જથ્થો રૂ.2,52,720નો મળી આવ્યો હતો. ઉપરાંત રૂ.1 લાખની કાર અને રૂ.10 હજારનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.3,62,720નો મુદ્દામાલ કબજે કરાયો હતો.
















### 300 જેટલા બાળકોને શિક્ષણ, રહેઠાણથી લઈને કૌશલ્ય વિકાસ સુધીની સુવિધાઓ

# સમાજ સુરક્ષા સંકુલ : દિવ્યાંગ અને નિરાધાર બાળકોના જીવનમાં આત્મનિર્ભરતાનો પ્રકાશ પાથરતું સેવાધામ

**જીવનની** અંતિમ ઘડીએ પણ નિરાધારોની પડખે ઊભી રહેતી સંસ્થા



**વડોદરા :** વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલું સમાજ સુરક્ષા સંકુલ (દીપક ફાઉન્ડેશન) એ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને દીપક ફાઉન્ડેશન વચ્ચેનો એક જાહેર-ખાનગી ભાગીદારી (PPP) પબ્લિક-પ્રાઈવેટ પ્રોજેક્ટ છે. આ સંકુલ માત્ર દિવ્યાંગ અને જરૂરિયાતમંદ બાળકો માટેનું રહેઠાણ કે શિક્ષણનું કેન્દ્ર નથી, પરંતુ અનેક નિરાધાર અને જરૂરિયાતમંદ લોકોના જીવનમાં આશાનો દીવો પ્રગટાવતું એક સેવાધામ બની રહ્યું છે. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા દીપક ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસોથી કાર્યરત આ સંસ્થા દિવ્યાંગ બાળકોના સર્વાંગી વિકાસ માટે નોંધપાત્ર કામગીરી કરી રહી છે.





## 300 જેટલા બાળકો માટે શિક્ષણ અને સર્વાંગી વિકાસની વ્યવસ્થા

સમાજ સુરક્ષા સંકુલ (દીપક ફાઉન્ડેશન) માં આશરે 300 જેટલા બાળકોને રાખવામાં આવે છે. બાળકોના રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા સાથે તેમના અભ્યાસ પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવે છે. ખાસ જરૂરિયાત ધરાવતા બાળકોને તેમની ક્ષમતા અને જરૂરિયાત મુજબ શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત બાળકોમાં રહેલી પ્રતિભાને બહાર લાવવા માટે વિવિધ શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. બાળકો ભવિષ્યમાં પોતાના પગ પર ઊભા રહી શકે તે માટે માત્ર પુસ્તક આધારિત શિક્ષણ પૂરતું મર્યાદિત ન રાખી તેમને કમ્પ્યુટર સહિત વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસની તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. ટેક્નોલોજીના યુગમાં બાળકો અન્ય વિદ્યાર્થીઓ સાથે કદમથી કદમ મિલાવી શકે અને ભવિષ્યમાં આત્મનિર્ભર બની શકે તે દિશામાં સંકુલ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવે છે.

### ફોસ્ટર કેર અને પુનર્વસન દ્વારા બાળકોને પરિવારનો સહારો

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ અને નિરાધાર બાળકોના પુનર્વસન માટે ફોસ્ટર કેર અને અડોપ્શન જેવી કામગીરીમાં પણ સહયોગ આપવામાં આવે છે. બાળકને માત્ર આશ્રય આપવો નહીં, પરંતુ તેને પ્રેમાળ વાતાવરણ, શિક્ષણ અને ભવિષ્યની દિશા આપીને સમાજનો સશક્ત હિસ્સો બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

### સેવા, સંભાળ અને સન્માન સાથે માનવતાનું જતન

બાળકોના ભવિષ્યને ઘડવાથી લઈને જીવનની અંતિમ ઘડીએ નિરાધારોને સાથ આપવા સુધીની કામગીરી સમાજ સુરક્ષા સંકુલ (દીપક ફાઉન્ડેશન) ને એક વિશિષ્ટ સેવા કેન્દ્ર બનાવે છે. અહીં સેવા માત્ર સુવિધા પૂરી પાડવા પૂરતી સીમિત નથી, પરંતુ દરેક વ્યક્તિને સન્માનપૂર્વક જીવવાનો અને જરૂરિયાતના સમયે કોઈક પોતાના માણસની જેમ પડખે ઊભું રહેવાનો વિશ્વાસ આપવામાં આવે છે. આ સંકુલની કામગીરી એ સંદેશ આપે છે કે સમાજમાં કોઈ બાળક તેની દિવ્યાંગતા કે નિરાધારતાને કારણે પાછળ ન રહી જાય અને કોઈ વ્યક્તિ જીવનની અંતિમ ઘડીએ એકલતાનો અનુભવ ન કરે આ જ સાચી માનવસેવા છે.

### દિવ્યાંગતાને મર્યાદા નહીં, ક્ષમતા બનાવવાનો પ્રયાસ

સંકુલનો મુખ્ય હેતુ નિરાધાર, દિવ્યાંગ અને જરૂરિયાતમંદ બાળકોને સમાજની મુખ્ય ધારામાં જોડવાનો છે. અહીં બાળકોને પ્રેમ, સંભાળ અને યોગ્ય માર્ગદર્શન સાથે તેમની અંદર રહેલી ક્ષમતાને ઓળખવાની તક આપવામાં આવે છે. બાળકોના શૈક્ષણિક પરિણામો અને વિવિધ ક્ષેત્રોમાં તેમની સિદ્ધિઓ એ વાતનો પુરાવો છે કે યોગ્ય તક અને માર્ગદર્શન મળે તો દિવ્યાંગ બાળકો પણ કોઈથી પાછળ રહેતા નથી.

### જીવનની અંતિમ ઘડીએ પણ ‘કોઈ એકલો નથી’નો સંદેશ

સમાજ સુરક્ષા સંકુલ (દીપક ફાઉન્ડેશન) ની કામગીરીનું સૌથી માનવીય પાસું તેની એવી સેવા સાથે જોડાયેલું છે, જેમાં જીવનના અંતિમ પડાવ પર પહોંચેલા અને જેમની પડખે કોઈ પરિવારજન કે સ્વજન નથી એવા લોકોને પણ સહારો આપવામાં આવે છે. આવા લોકોને અલગ વ્યવસ્થામાં રાખી તેમની દેખરેખ, જરૂરી સારવાર અને અન્ય મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. જીવનની અંતિમ ક્ષણોમાં જ્યારે વ્યક્તિને સૌથી વધુ હૂંફ અને સાથની જરૂર હોય છે, ત્યારે સંસ્થાના સભ્યો તેમની પડખે ઊભા રહીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. સેવા કર્યા કરતા આ સંસ્થાના કાર્યકરો લોકોને એટલું ન લાગે તેના માટે તેમના સંકુલમાં ભજન કીર્તન સાહિત્યના સત્સંગી કાર્યક્રમો પણ યોજતા હોય છે.